ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0





# નર્મદાના દરવાજા બંધ થયા... ગુજરાતના ઉજ્જવળ ભવિષ્યના દરવાજા ખૂલ્યા...

ગુજરાતની હરિયાળી ક્રાંતિ અને જળસમસ્યાને તિલાંજલિ આપતી નર્મદા યોજના રાજ્યના ઉજ્જવળ ભાવિના દરવાજા ખોલવાના નિર્ણાયક તબક્કે પહોચી ગઈ છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલે આ ઘટનાને રાજ્ય માટે ઐતિહાસિક દિવસ અને સુવર્ણ ઘડી ગણાવ્યા છે. નર્મદા કંટ્રોલ ઓથોરિટી તરફથી સરદાર સરોવર બંધના દરવાજા બંધ કરવાની પરવાનગી મળતાં જ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે આજે સવારે કેવડીયા પહોચીને નર્મદા જળ વધામણા કરવા સાથે જ ડેમના દરવાજા બંધ કરવાની કામગીરીનો પ્રારંભ કરાવ્યો હતો. ડેમના દરવાજા મૂકવા માટે ૨૯ પીઅર્સ ૧૪૬ મીટરની ઉંચાઈ સુધી પૂર્ણ કર્યા. બ્રીજના તમામ ૩૦ ગાળાનું કામ પૂર્ણ કરાયું. ૧ લાખ ૧૦ હજાર ઘન મીટર કોંક્રીટ કામ કરાયું. ૬૦ બાય ૫૫ ફૂટના ૨૩ દરવાજા અને ૬૦ બાય ૬૦ ફૂટના સાત દરવાજા બેસાડાયા. પ્રત્યેક દરવાજાનું સરેરાશ વજન ૪૫૦ ટન અને કુલ વજન ૧૩૦૦૦ ટન છે. આ બધું કામ આઠ મહિના પહેલાં પૂર્ણ કરી દેવાયું છે. ગુજરાતે સરદાર સરોવર બંધની ઊંચાઈ પૂર્ણ કક્ષાએ લઈ જવા સાથે દરવાજા બંધ કરવાની કામગીરીની બધી જ તૈયારીઓ પૂર્ણ કરી હતી, અને હવે દરવાજા બંધ કરવાની પરવાનગી પણ મળી જતાં આજે જ આ ગેટ બંધ કરી દેવામાં આવ્યાં છે. આજે બંધ થયેલાં ગેટની આજે જ લેવાયેલી ઐતિહાસિક તસવીર.

# શાહપુર ચોકડીથી ગીફ્ટ સીટીને જોડતા નવા રસ્તાના અસ્તિત્વ સામે જોખમ

### ૧૮ કરોડના ખર્ચે તૈયાર કરાયેલા નવિન માર્ગની સરફેસ પર વાહનો ન દોડતા માર્ગને નુકશાન થવાની સંભાવના : છેલ્લા ચાર મહીનાથી બંધ માર્ગને ખુલ્લો કરવા માટે ગીફ્ટ સીટીના એમ.ડી.ને પત્ર

ગાંધીનગર તા ૧૭

શાહપુર ચોકડીથી ગીફ્ટસીટીને જોડતા માર્ગનુ કામ પુર્ણ કરી દેવાયુ છે. અંદાજિત રૂ ૧૮ કરોડના ખર્ચે નવિન માર્ગનુ નિર્માણ કરવામાં આવ્યુ છે.આમછતા છેલ્લા ચાર મહીનાથી આ માર્ગ બંધ રહેતા આગામી ચોમાસા દરમિયાન માર્ગના સરફેસીંગના સીલીંગને નુકશાન થવાની ભીતિ સેવાઈ રહી છે. માર્ગ મકાન વિભાગે આ મામલે ચિંતા વ્યક્ત કરી ગીફ્ટ સીટીના એમ ડીને વાહનોની અવરજવર માટે માર્ગ ખુલ્લો કરવા પત્ર લખ્યો છે.

બિઝનેસ હબ તરીકે વિકસતા ગીફ્ટ સીટીને નવા રસ્તાનુ જોડાણ આપવા માટે માર્ગ મકાન વિભાગ દ્વારા શાહપુર ચોકડીથી ગીફ્ટ સીટી સુધી નવા માર્ગનુ નિર્માણ કરવામાં આવ્યુ છે. આ માર્ગના નિર્માણ માટે અંદાજિત રૂ ૧૮ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. ગત જાન્યુઆરી મહીનામાં આ માર્ગનુ કામ પુર્ણ કરી દેવાયુ છે અંદાજિત ૨ કી મીના આ માર્ગના લીધે ગીફ્ટ સીટીને જોડતા નવો માર્ગ વાહનવ્યવહાર માટે સરળ બનશે. જોકે છેલ્લા ચાર મહીનાથી ગીફ્ટ સીટીને જોડતો આ માર્ગ તૈયાર છે. પરંતુ ગીફ્ટ સીટી દ્વારા આ માર્ગ બંધ રાખવામાં આવ્યો છે. બીજીતરફ માર્ગ મકાન વિભાગ માટે આ બાબત ચિંતાજનક બની છે. નવા માર્ગ પર ટ્રાફિકની અવરજવર ન થતા સરફેસીંગમાં સીલીંગ થવાનુ જોખમ વધી ગયુ છે. જેના પરિણામે કરોડોના ખર્ચે નિર્માણ કરાયેલા રસ્તાની દશા બેસે તેવી સંભાવના પણ છે.

# મનપા સ્થાયી સમિતિના ચેરમેનનું રાજીનામુ માંગતી મહિલા કોંગ્રેસ

### મેયર તેમજ કમિશનરને રાજીનામાની માંગ સાથે આવેદનપત્ર અપાયુ ગઈકાલની ઘટના શરમજનક અને અશોભનીય લેખાવાયા

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર મહાનગર પાલિકામાં કચેરીના રાઉન્ડ દરમ્યાન સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેને કરેલા



વર્તનને પગલે આજે મહિલા કોંગ્રેસ દ્વારા તેમના રાજીનામાની માંગ સાથે કમિશનર તેમજ મેયર પ્રવિણ પટેલને આવેદન પત્ર આપી મહિલા સુરક્ષા માટે આંદોલન કરવાની ચીમકી આપી છે.

ગાંધીનગર શહેર મહિલા કોંગ્રેસ દ્વારા આ આવેદન પત્ર આપવામાં મહિલા આગેવાનો અને કાઉન્સીલરો સાથે વિપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા, ચીમનભાઈ વિંઝુડા પણ જોડાયા હતા.

આ આવેદનપત્રમાં જણાવાયુ છે કે મહિલા સશક્તિકરણની વાતો અને બેટી પઢાવોની ભાજપની પોકળતાનો પડદો ઉંચકાયો છે. એટલું જ નહિ મહિલા કર્મચારીની હાજરીમાં અસભ્ય વર્તન તેમજ અશોભનીય શબ્દોનું ઉચ્ચારણ એ અત્યંત શરમજનક બાબત છે.

ચેરમેનના રાઉન્ડ દરમ્યાન કામમાં વ્યસ્ત હોવાને કારણે ચેરમેન આવ્યા છે તે બાબતે નજર ન પડતાં ઉભા થઈ ન શકેલા કર્મચારી સાથે અશોભનીય વ્યવહાર અને અશોભનીય ઉચ્ચારણો બદલ સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેનનું રાજીનામુ માંગી લેવુ જોઈએ. શહેરની બીજી મહિલાઓની સુરક્ષાનો પણ પ્રશ્ન ઉભો થયો છે. જો તાકીદે પગલાં લેવામાં નહિ આવે તો મહિલા કોંગ્રેસ દ્વારા મહિલા સુરક્ષા માટે આંદોલન કરવામાં આવશે.

● અનુસંધાન પાના - ૭ પર

# શહેરમાં વરસાદી દિવસો પૂર્વે સરકારી આવાસોના ધાબાની સફાઈનુ કામ શરૂ

### ધાબા સફાઇ ઉપરાંત વરસાદી પાણીના નિકાલ માટે લાઇનમાંથી પણ કચરો ઉલેચાશે

ગાંધીનગર તા ૧૭

એકબાજુ અસહ્ય ગરમી વચ્ચે વરસાદ ખેંચાયો છે. ત્યારે સૌ કોઈની નજર નભ તરફ મંડરાઈ છે. બીજીતરફ વરસાદી દિવસોના આગમન પુર્વે તંત્ર દ્વારા પ્રિમોન્સુન એકટીવિટીનુ કામ તેજ ગતિએ હાથ ધરાયુ છે. સ્ટોર્મ વોટર લાઈનની સફાઈ ઉપરાંત સરકારી આવાસોના ધાબાની સફાઈ પણ કરવામાં આવી રહી છે. વરસાદ દરમિયાન સરકારી આવાસોના ધાબામાં વરસાદી પાણીનો ભરાવો થતા લીકેજીસની સમસ્યા ઉદભવતી હોય છે. જેને ડામવા તંત્ર દ્વારા વરસાદને અનુલક્ષી પુર્વ તૈયારી કરી દેવાઈ છે.

આકરી ગરમી વચ્ચે સૌ કોઈ વરસાદની વાટે છે. જયારે વરસાદ ખેંચાતા નગરજનો ગરમીથી ત્રસ્ત થઈ ગયા છે. જયારે વરસાદના આગમન પુર્વે તંત્ર દ્વારા પ્રિમોન્સુન ગતિવિધિઓ તેજ બનાવી દેવાઈ છે. શહેરના મુખ્ય માર્ગો પર વરસાદી ઋતુ દરમિયાન પાણીનો ભરાવો ન થાય તેમજ વરસાદી પાણીનો યોગ્ય નિકાલ થાય તે માટે મુખ્યમાર્ગો પરની સ્ટ્રોમ વોટર લાઈનની સફાઈનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. જો કે મોટાભાગની લાઈનની સફાઈ કરી દેવાઈ છે. જયારે સ્વર્ણિમ પાર્કની લાઈન માટે પણ યોગ્ય સફાઈ કરવાનુ કામ ટુંકમાં જ હાથ ધરાશે. આ ઉપરાંત ચોમાસા દરમિયાન સરકારી આવાસોના ધાબે પાણી ભરાતા આવાસોમાં લીકેજીસની સમસ્યા ઉદભવતી હોવાની ફરિયાદો પણ ઉઠવા

● અનુસંધાન પાના - ૭ પર

# શહેરમાંથી રખડતા ઢોર પકડતા ઢોર પકડ પાર્ટીના સ્ટાફ પર હુમલો

### સેન્ટ્રલ વિસ્ટામાંથી દસ રખડતી ભેંસો પકડીને ઢોર પકડ પાર્ટી લઈ જઈ રહી હતી ત્યારે ૧૦ થી ૧૫ પશુપાલકોના ટોળાએ સ્ટાફને રોકીને મારામારી કરી : બે કર્મચારી ઘાયલ

ગાંધીનગર, તા. ૧૭

પાટનગરને રખડતા ઢોરોના ત્રાસથી મુક્ત કરવા મહાનગરપાલિકા



કમિશનરે ઢોર પકડ પાર્ટીના સ્ટાફને રખડતા ઢોરો પકડવાની ઝુંબેશ ચલાવવા સુચના આપી છે. ત્યારે આજે સવારે સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન તરફ ઘુસી ગયેલી ૧૦ ભેંસો પકડીને ડબ્બામાં ભરી સ્ટાફ લઈ જઈ રહ્યો હતો તે સમયે સ્ટાફ પર હુમલો થયો હતો. પશુપાલકોની ટોળકી આવી ગઈ હતી અને ઝપાઝપી કર્યા બાદ મારઝુડ શરૂ કરી દેવાતા મામલો બિચક્યો હતો. અંતે ફાયર ઓફીસરને સ્થળ પર મોકલી મામલો શાંત પાડવામાં આવ્યો હતો. એસ.આઈ.એ પશુપાલકોની સામે સે. ૨૧ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ આજે સવારે ઢોર પકડ પાર્ટી શહેરમાં રખડતા ઢોરોને પકડવા ઢોર ડબ્બો લઈને નીકળી હતી ત્યારે ઘ-૪ સર્કલ નજીક સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડનમાં ૧૦ જેટલી ભેંસો રખડતી નજરે ચઢી હતી. ૧૦ ભેંસોને પકડીને ઢોર ડબ્બામાં પુરી લઈ જવાઈ રહી હતી ત્યારે પશુપાલકની ટોળકી ઢોર ડબ્બાની આગળ આવીને ઉભી રહી ગઈ હતી. ઢોર છોડી મુકવા ધમાચકડી કરવા છતાં સ્ટાફ ટસનો મસ ન થતા ગુંડાગીરી ઉપર આવી ગયા હતા અને સે. ૨૩ કડી સ્કૂલ નજીકના માર્ગ પર મારામારી પર આવી ગયા હતા. આ હુમલામાં એસઆઈ. પી.ડી. પરમાર અને સ્ટાફના એક કર્મચારી ચિનુભાઈ પટેલને ઈજાઓ થવા પામી હતી.

# આર.ટી.ઓ. કચેરીમાં પાર્કીંગની સમસ્યાને ડામવા માટે સંકુલમાં જગ્યા ખુલ્લી કરાશે

ગાંધીનગર તા ૧૭

નગરના ગ માર્ગ પર સ્થિત હાઈટેક આર ટી ઓ કચેરીને પાર્કીંગના પેચીદા પ્રશ્નમાંથી ઉગારવા માટે આર ટી ઓ સંકુલમાં ફુલછોડ અને હરિયાળી લોન દુર કરી પાર્કીંગ પ્લેસ તૈયાર કરવા માટે આર ટી આએ વાહન વ્યવ્હાર કમિશ્નર કક્ષાએ દરખાસ્ત કરી છે. કમિશ્નર કચેરી કક્ષાએથી મંજુરી અપાયા બાદ આર ટી ઓ સંકુલમાં વાહન પાર્કીંગ માટે જગ્યા ખુલ્લી કરવામાં આવશે.

શહેરના ગ માર્ગ પર સ્થિત આર ટી ઓ કચેરીમાં વાહન પાર્કીંગ માટે પર્યાપ્ત જગ્યા નથી. જયારે આર ટી ઓ સંકુલમાં રોજબરોજ વાહનની નોંધણી સહીતના કામકાજ અર્થે આવતા વાહનચાલકોએ પોતાના વાહન ગમે ત્યાં મુકવાની ફરજ પડે છે. જયારે પાર્કીંગનો પ્રશ્ન વધુ પેચીદો બનતા સ્થાનિક રહીશો પણ તોબા પોકારી ગયા છે. રહેણાંક વિસ્તાર નજીક પણ વાહનોનો ખડકલો થતા રહીશોને પણ હાલાકી વેઠવાનો વારો આવે છે. આર ટી ઓ કચેરી આસપાસના વિસ્તારમાં પણ આડધડ વાહનો ગોઠવાઈ જતા ગ માર્ગ પર ટ્રાફિકની અવરજવરમાં પણ અડચણ ઉભી થતી હોવાની ફરિયાદો અનેકવાર ઉઠવા પામી છે.





ખુશીની ઉજવણી : નર્મદા યોજનાના ૩૦ દરવાજા બંધ કરવાના ઐતિહાસિક સિદ્ધિ દિવસને મહાનગર ભાજપ દ્વારા ઉત્સાહપૂર્વક ઉજવાયો હતો. શહેરના હાર્દસમા સેક્ટર-૨૧માં ધારાસભ્ય, મેયર અને પ્રદેશ હોદેદારોના નેતૃત્વમાં રેલી નીકળી હતી અને ફટાકડા ફોડી ખૂશીને ઉજવી હતી.


## લગ્ન વિષયક

અમેરિકાનું ગ્રીનકાર્ડ હોલ્ડર, લેઉવા પટેલ પરિવારની ૨૬ વર્ષની વય ધરાવતી ૫'૨'' એમ.સી.એ. સોફટવેર કંપનીમાં જોબ કરતી યુવતી માટે અમેરિકામાં સ્થાયી એન્જિનીયર ફાર્મસી, ડૉક્ટર અથવા સી.એ. થયેલ પટેલ કે. વૈષ્ણવ યુવકે ફોટોગ્રાફ તથા બાયોડેટા સાથે સંપર્ક કરવો.

**સંપર્ક**

**૮૪૮૩૯૧૫૫૨૨, ૭૩૫૯૪૪૨૧૫૪**

## શ્રદ્ધાંજલિ



**સ્વ. કમળાબેન ગાંધી**

જ્યોતિ મહિલા મંડળના સ્થાપના કાળથી જ **'સ્વ. કમળાબા'** અવિરત સેવા સ્રોતથી સંસ્થા સતત પ્રગતિ કરતી રહી છે. તેમના દેહવિલયથી સંસ્થાને ન પૂરાય તેવી ખોટ ઊભી થઈ છે. પ્રભુ સદ્ગતના આત્માને ચિર શાંતિ અર્પે... એવી પ્રભુને પ્રાર્થના....

લત્તાબેન ચોક્સી (પૂર્વ પ્રમુખ) — ડો. ચેતના અરૂણ બૂચ (પ્રમુખ)
નીરૂબેન નાયક (ઉપપ્રમુખ) — પુષ્પાબેન મહેતા (ઉપપ્રમુખ)
હર્ષાબા ઘાંઘલ (મંત્રી) — કોકિલાબેન નાયક (ખજાનચી)

**સમગ્ર જ્યોતિ મહિલા મંડળ પરિવાર**

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — KisaN — ashirvad — BENELAVE — DR. FIXIT — TATA STEEL • PIPES • SHEETS — ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com